અખબારી યાદી

તા. 13-03-2022

- યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર ધોરણ, વિશેષ લાભ અને સુવિધા લઈ રહ્યાં છે અને બીજીબાજુ યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય તે કુલપતિશ્રીઓને શિક્ષણના હિતમાં તાત્કાલીક અસરથી દુર કરવાની માંગ : ડૉ. મનિષ દોશી અને ડૉ. નિદત બારોટ

- યુજીસીના નિયમ મુજબ શૈક્ષણિક લાયકાત, પ્રોફેસર તરીકેનો લઘુત્તમ દસ વર્ષનો અનુભવ ધરાવતા ન હોય તેમ છતાં ભાજપ સરકાર અને ખાસ કરીને આરએસએસ અને ભગીની સંસ્થાઓની કૃપાદ્રષ્ટિથી કુલપતિશ્રીનું પદ પ્રાપ્ત કરી રહ્યા છે

ગુજરાતની યુનિવર્સિટીમાં કુલપતિશ્રીઓની નિમણુંક અંગે યુજીસી દ્વારા ધારાધોરણ નક્કી કરવામાં આવ્યા છે. યુજીસીના ધારાધોરણ મુજબ પગાર મેળવનાર ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ યુજીસીના નિયમ મુજબ શૈક્ષણિક લાયકાત, પ્રોફેસર તરીકેનો લઘુત્તમ દસ વર્ષનો અનુભવ ધરાવતા ન હોય તેમ છતાં ભાજપ સરકાર અને ખાસ કરીને આરએસએસ અને ભગીની સંસ્થાઓની કૃપાદ્રષ્ટિથી કુલપતિશ્રીનું પદ પ્રાપ્ત કરી રહ્યા છે. સમગ્ર દેશમાં શિક્ષણ જગત માટે અવ્વલ નંબરનું ઉદાહરણ ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં કુલપતિ તરીકે જે તે સમયે નિમાયેલા શ્રી હર્ષદ પી. શાહ માત્ર બી.એસ.સી.ની સ્નાતક પદવી ધરાવે છે છતાં માત્રને માત્ર આરએસએસને કારણે કુલપતિશ્રીનું પદ પ્રાપ્ત થયું, ચિલ્ડ્રન યુનિવર્સિટીના શ્રી હર્ષદ શાહ સમગ્ર દેશમાં ટીચર્સ એજ્યુકેશનને નિયમન અને મંજૂરી કરતી સંસ્થા NCTE દ્વારા 31 ઓગસ્ટ 2021ના રોજ ચેરપર્સન તરીકે નિમણૂક પત્ર આપે અને તેમાં શ્રી હર્ષદ શાહને પ્રોફેસર બનાવી દેવામાં આવે…! આશ્ચર્યની વાત એ છે કે જે સંસ્થા NCTEનું કામ સમગ્ર દેશમાં શિક્ષણની ગુણવત્તા અને માન્યતાની જવાબદારી છે તે સંસ્થા માત્ર બી.એસ.સી ભણેલા વ્યક્તિને ચેરપર્સન બનાવે તો શિક્ષણ સંસ્થાની ગુણવત્તા અને તેના નિયમનનું કેવુ થશે ? તે સમગ્ર શિક્ષણ જગત માટે ચિંતા અને તપાસનો વિષય છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી શિરીષ કુલકર્ણી નિમણૂક રદ્દ કરી  કરનાર નામદાર સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ચુકાદા બાદ પણ ભાજપ સરકાર કુલપતિશ્રીઓના નિમણૂકમાં ધારાધોરણ અંગે આંખ આડા કાન કરી રહી છે જેના લીધે શિક્ષણ વ્યવસ્થાને ભારે નુકશાન થઇ રહ્યું છે, ત્યારે યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર ધોરણ, વિશેષ લાભ અને સુવિધા લઈ રહ્યાં છે અને બીજીબાજુ

યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય તે કુલપતિશ્રીઓને શિક્ષણના હિતમાં તાત્કાલીક અસરથી દુર કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને ડૉ. નિદત બારોટે જણાવ્યું હતું કે, આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી અમી ઉપાધ્યાય કે જેને 2012માં પ્રોફેસરની ભરતી વખતે નિષ્ણાંતની કમિટિએ ગેરલાયક ઠરાવ્યા હતા તેમને ભાજપ સરકારે 2019માં કુલપતિ બનાવ્યા તે પણ યુજીસી મુજબ લાયકાત ધરાવતા નથી અને તેમની નિયુક્તિ રદ થવા પાત્ર છે. હાલ નામદાર વડી અદાલતમાં સબજ્યુડીશ મેટર છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં હાલ કાર્યરત શ્રી હર્ષદ શાહ માત્ર બી.એસસી. ગ્રેજ્યુએટ છે. હીરો હોન્ડાની એજન્સી ધરાવતા હતા. એકપણ દિવસ પ્રોફેસર ન બનેલા કમલેશ જોષીપુરા બબ્બે વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે નિમાયા. ટીચર્સ યુનિવર્સિટીનું શાસન શ્રી શશીરંજન યાદવ પાસે આવ્યું. તેઓ પણ યુજીસી પ્રમાણે લાયકાત ધરાવતા ન હતા. આ યુનિવર્સિટીની કમનસીબી એવી કે હાલમાં યુનિવર્સિટીના બીજા કુલપતિ તરીકે શ્રી હર્ષદ પટેલ કાર્યરત છે. શ્રી હર્ષદ પટેલ પણ સુપ્રિમ કોર્ટે આપેલ જજમેન્ટ મુજબ લાયકાત ધરાવતા નથી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી હિમાંશુ પંડ્યા સુપ્રિમ કોર્ટના નિર્દેશ મુજબની પૂર્ણ લાયકાત નથી. ગુજરાત સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બે ભાગ પાડીને જુનાગઢ યુનિવર્સિટી અલગ આપી અને જુનાગઢ યુનિવર્સિટીમાં હાલમાં કાર્યરત શ્રી ચેતન ત્રિવેદી પ્રોફેસર તરીકે પણ લાયક ન હતા, જે લાગવગ અને ભલામણથી પ્રોફેસર બન્યા અને બે વર્ષમાં જુનાગઢ યુનિવર્સિટીના લાયકાત ન ધરાવતા કુલપતિ બન્યા. ગુજરાતમાં સુરત યુનિવર્સિટી ખાતે ડૉ. ગુપ્તાને વિશેષ કૃપાથી કુલપિત બનાવવામાં આવ્યા હતા. શ્રી નિતિન પેથાણીએ ત્રણ વર્ષનો સમયગાળો પૂરો કર્યો. તેઓ પણ યુ.જી.સી. લાયકાત ધરાવતા ન હતા. માત્ર સંઘની મહેરબાનીથી પદ પ્રાપ્ત કર્યું. ભાવનગર યુનિવર્સિટીના પૂર્વકુલપતિ શ્રી એસ.એન.ઝાલા પણ લાયકાત ન ધરાવતા હોવા છતાં ત્રણ વર્ષ સુધી કુલપતિ રહ્યાં. આ તમામ કુલપતિઓને સુપ્રિમ કોર્ટના ચુકાદા પછી તેમાં દર્શાવેલા નિર્દેશ મુજબ તાત્કાલિક અસરથી રાજીનામા લઈ સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક આદેશનું પાલન કરવામાં આવે અને શિક્ષણ જગતને એક સારૂ ઉદાહરણ પુરુ પાડે તેવી સરકાર સમક્ષ માંગ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આ લાયકાત ન ધરાવતા કુલપતિઓને તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી દૂર કરવા માટે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ અને ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ માંગણી કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)

મુખ્ય પ્રવક્તા